# ક્રેડિટ કાર્ડનો ઉપયોગ


રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા
એક્સચેન્જ કંટ્રોલ ડિપાર્ટમેન્ટ
સેન્ટ્રલ ઓફિસ
મુંબઈ-400 001.



એ પી (ડી આઈ આર શ્રેણી) સર્ક્યુલર ક્રમાંક :53

27 જૂન, 2002


શ્રી/સુશ્રી,

## ક્રેડિટ કાર્ડનો ઉપયોગ

માન્યતા પ્રાપ્ત ડિલર્સનું ધ્યાન દોરવામાં આવે છે કે, 30, ઓક્ટોબર 2000ના સર્ક્યુલર નં.19ના એ પી ના ફકરા 3માં (ડી આઈ આર શ્રેણી) `ચલણ'માં ક્રેડિટ કાર્ડસ, એટીએમ કાર્ડસ, ડેબિટ કાર્ડસ વગેરેનો સમાવેશ થાય છે. અને વિદેશી મુદ્રા મેનેજમેન્ટ એક્ટ હેઠળના તમામ ધારાધોરણો અને સૂચનો એટીએમ કાર્ડસ, ડેબિટ કાર્ડસ વગેરે આપવાની બાબતે પણ લાગુ પડે છે.

2. એ સ્પષ્ટ કરવામાં આવે છે કે:

(i) ભારતમાં માન્યતા પ્રાપ્ત ડિલર્સ પાસેથી એક્સચેન્જ દ્વારા ખરીદી થઈ શકે તેવી જ રીતે ઈન્ટરનેશનલ ક્રેડિટ કાર્ડ વડે ઈન્ટરનેટ મારફત ખરીદી થઈ શકે. દા.ત., પુસ્તકો મંગાવવા, ડાઉનલોડ થઈ શકે તેવા સોફ્ટવેર ખરીદવા અથવા એક્ઝિમ (એક્સિમ) પોલિસી હેઠળ મંજૂરીપાત્ર કોઈ પણ વસ્તુની ખરીદી કરવી.

(ii) ઈન્ટરનેશનલ ક્રેડિટ કાર્ડનો ઉપયોગ પ્રતિબંધિત વસ્તુઓની ખરીદી કરી શકાશે નહીં. જેમકે, લોટરી ટિકિટ, પ્રતિબંધિત સામયિકો, કોલપેક સેવાની ચૂકવણી વગેરે પ્રવૃત્તિઓ કે વસ્તુઓ માટે ફોરેન એક્સચેન્જની મંજૂરી નથી.

(iii) ઈન્ટરનેટ મારફત ઈન્ટરનેશનલ ક્રેડિટ કાર્ડનો ઉપયોગ માટે કોઈ ચોક્કસ અલગ દર્શાવેલી નાણાકીય મર્યાદા બાંધવામાં આવી નથી.

એ પણ સ્પષ્ટ કરવામાં આવે છે કે, ડેબિટ કાર્ડસ અને એટીએમ કાર્ડસનો ઉપયોગ પણ ભારતમાં માન્યતાપ્રાપ્ત ડિલર્સ પાસેથી ફોરેન એક્સચેન્જની ખરીદી પાછળનો જે ઉદ્દેશ હોય તે હેતુસર કરી શકાય છે.

3. માન્યતા પ્રાપ્ત ડિલર્સનું ધ્યાન દોરવામાં આવે છે કે, 3 મે 2000ના રિઝર્વ બેંક નોટિફિકેશન નં.14/ 2000 આર બી આઈ ના રેગ્યુલેશન-4ની આઈટમ (iii) મુજબ ભારત બહાર થતી નિકાસની ચૂકવણી માટે ખરીદનારની સહી કરેલી સ્લિપ સામે ક્રેડિટ કાર્ડ દ્વારા રૂપિયામાં ચૂકવણીનો સ્વીકાર થતો. આ આગવી મંજૂરીની ચૂકવણી ખરીદનાર ભારત આવે ત્યારે કરે તેવું નક્કી થયું. હવે આ આવો નિર્ણય લેવાયો છે કે, માન્યતા પ્રાપ્ત ડિલર્સને ભારત બહાર મોકલાતી વસ્તુઓની કિંમત ચૂકવવા ભારે ડેબિટ કે ક્રેડિટ કાર્ડના ઉપયોગની મંજૂરી આપવી. ગ્રાહક ભારત આવે કે ન આવે આ અનુસાર સ્પષ્ટ કરવામાં આવે છે કે માન્યતા પ્રાપ્ત ડિલર્સ ડેબિટ કે ક્રેડિટ કાર્ડથી કિંમત સ્વીકારી શકે છે. કાર્ડ આપનારી બેંક/સંસ્થા ફોરેન એક્સચેન્જરૂપે વળતર સ્વીકારશે.

4. માન્યતા પ્રાપ્ત ડિલર્સે આ સર્ક્યુલર સંબંધિત સંસ્થાઓને મોકલવા.

5. આ સર્ક્યુલરના સૂચનો ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, 1999 (1999ના 42)ની કલમ 10 (4) અને 11 (1) હેઠળ દર્શાવાયા છે.

આપનો વિશ્વાસુ,

ગ્રેસ કોશી,
મુખ્ય મહા પ્રબંધક